
## જન્મદિને વધામણી



જશવંત ગાંધી
મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ
પ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર, ગાંધીનગર
મો. ૯૪૨૭૬ ૦૮૧૯૦



ઉષાબેન પંઢરીનાથ જગતાપ
મો. ૯૬૨૪૦ ૦૯૯૯૭



વર્ષાબેન એમ ઠક્કર
ફોન : ૨૩૨૨૯૫૩૩



મોહિત મનીષભાઈ પરમાર



હિયુ પટેલ
મો. ૯૯૦૪૩ ૫૪૦૩૭




સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા રમઝટ ફાઉન્ડેશન, ગાંધીનગરના સૌજન્યથી 'અવિનાશના અજવાળે બાગમાં ટહુકો' શીર્ષક અંતર્ગત ગુજરાતી ગીત-સંગીતના કાર્યક્રમનું આયોજન ડૉ. આંબેડકર હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ કાર્યક્રમમાં ભરત ગજ્જર, જ્યોતિ ગજ્જર, સાગર દેસાઈ, હેમાંગ દવે, સાહિલ રામી, મૌલિક ત્રિવેદી, માર્ગી બ્રહ્મભટ્ટ, જયમાલિની પટેલ, જિજ્ઞા રાવલ, તેજલ વાળા અને શ્રવણ પરમારે પોતાના અવાજનાં કામણ પાથર્યાં હતાં. સંગીત ગોપાલ ગૃપ, અમદાવાદ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

# સૌ નાગરિકો સહિયારા પ્રયાસો કરી 'વૉઈસલેસ' બાળકોના 'વૉઈસ' બનીએ

ગુજરાત હાઈકોર્ટના સભાખંડમાં આયોજિત જુવેનાઈલ જસ્ટિસ અને પોક્સો એક્ટના અસરકારક અમલ પરની બે દિવસીય પરિષદમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ મદન લોકુરે સરકાર, પોલીસ, ન્યાયતંત્ર અને સામાજિક સંસ્થાઓને 'આઉટ ઓફ ધી બોક્સ' વિચાર-મંથન કરવાની હાકલ કરી હતી. મુખ્ય વક્તા તરીકે તેમણે એવી ચિંતા વ્યક્ત કરી હતી કે, 'નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના ત્રણ-ચાર વર્ષના ડેટા મુજબ બાળકો સામેના જાતિય ગુનાઓ અને તેમના શારીરિક શોષણના કેસ ગંભીર રીતે વધ્યા છે. આપણી પાસે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ-૧૫ અને પોક્સો એક્ટ-૧૨ છે, પરંતુ દુઃખદ રીતે તેના અમલીકરણમાં હજુ કઈ ખૂટે છે. આપણે બધાએ આ મુદ્દે આઉટ ઓફ ધી બોક્સ જઈને વિચારવું જોઈએ અને આ મજબૂત કાયદાઓને કાગળના વાઘ બનતા રોકવા પડશે. આ બંને કાયદાનો તેમના ખરા અર્થમાં અમલ કરીને બધાએ સંયુક્ત રીતે બાળકોના હકનો અવાજ બનવાનો પ્રયત્ન કરવો જોઈએ'. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ જુવેનાઈલ જસ્ટિસ કમિટી અને યુનિસેફ દ્વારા ગુજરાત હાઈકોર્ટના નેજા હેઠળ બે દિવસીય પરિષદનું આયોજન કરાયું હતું, જેના મુખ્ય વક્તા તરીકે જસ્ટિસ મદન લોકુરે કહ્યું હતું કે, 'જુવેનાઈલ જસ્ટિસ અને પોક્સો એક્ટમાં સતત થયેલા સુધારા અને પ્રો-એક્ટિવ વલણના લીધે બાળકોના ગુનાના અને તેમના શારીરિક શોષણના કેસોની પરિસ્થિતમાં સુધારો આવ્યો છે. પરંતુ જો આ કાયદો માત્ર કાગળ પર રહેશે તો આપણે લક્ષ્ય સુધી નહિ પહોંચી શકીએ. તેથી તેનું કાર્યાન્વન અને અમલ સુપેરે થવું જોઈએ. બાળકોના અતિ સંવેદનશીલ મુદે ન્યાયતંત્રની ભૂમિકા સૌથી વિશેષ છે. તે સિવાય પોલીસ, સરકાર અને એનજીઓની પણ અગત્યની ભૂમિકા છે. બધાએ સહિયારા પ્રયત્નો કરી 'વોઈસલેસ' બાળકોના 'વોઈસ' બનવું જોઈએ.

બાળકોના હક અને હિતોના રક્ષણ માટે કેટલીક નવી પહેલ કરવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે, 'જુવેનાઈલ હોમની નિયમિત અને ક્યારેક ઓચિંતી મુલાકાત લેવી જોઈએ. હાઈકોર્ટની જુવેનાઈલ જસ્ટિસ કમિટીએ બાળકોના કેસોનું મોનિટરિંગ કરવું જોઈએ. પંજાબ, હરિયાણા અને યુપી જેવા રાજ્યોમાં આ માટેના અલાયદા સચિવાલય પણ છે જેથી ત્યાં આવા કેસોમાં વિશેષ પ્રગતિ જોવા મળે છે. બાળકોના કુમળા મગજને ગુનાની માનસિકતાથી અન્યત્ર દોરવા કિચન ગાર્ડન, સંગીત, રમત-કળા જેવા વિષયો તેમની સામે મુકવા જોઈએ. ચાઈલ્ડ ફ્રેન્ડલી કોર્ટ હોવી જોઈએ. તેમના કાઉન્સેલિંગમાં પોલીસે સક્રિયતા દર્શાવવી જોઈએ. આવા અનેક નવા વિચારોને અપનાવીને બાળકોના હક અને હિતો સાચવવાની કટિબદ્ધતા દર્શાવવી જોઈએ'. એક અભ્યાસ મુજબ ૧૬થી ૧૮ વર્ષના બાળકોના ગુનાઓમાં નોંધપાત્ર વધારો થાયનું જણાવી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડીએ કહ્યું હતું કે, 'જુવેનાઈલ અને પોક્સોના કાયદાની જોગવાઈઓ તો યોગ્ય અને પુરતી છે પણ તેનું અમલીકરણ જોઈએ તેવું નથી થતું. તેલુગુ ફિલ્મ દેવતાના એક ગીતમાં કહ્યું છે કે બાળકો નાજુક અને કુમળા હોય છે અને તેથી તેમને વિશેષ કાળજી જોઈએ. આ પરિષદમાં એવા ફળદાયી પરિણામો સામે આવશે જે આ ગીતને સાર્થક કરશે એવી આશા છે'. એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદીએ કહ્યું હતું કે, 'જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ યોગ્ય રીતે કાર્યાન્વિત થવું જોઈએ. પીડિત અને આરોપી બંને પ્રકારના બાળકોના કેસો માટેના વકીલોને વિશેષ ટ્રેનિંગ આપવી જોઈએ. આ પ્રકારના કેસોના વધારાથી સમાજ ઉપર પણ બોજો વધે છે'.

# હેલ્પ ફ્રેન્ડ ગ્રુપ દ્વારા અંધશાળાનાં બાળકો સાથે 'હૅપ્પી ડે' ઉજવાયો



હેલ્પ ફ્રેન્ડ ગ્રુપ દ્વારા સૅક્ટર-૧૬માં કાર્યરત અંધશાળા, છાત્રાલય ખાતે હૅપ્પી ડે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગૃપના પ્રમુખ વિપુલભાઈ ગજ્જર દ્વારા આરંભે સ્વાગત પ્રવચન અને અતિથિઓ, દાતાઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગૃપના ઉપપ્રમુખ હર્ષભાઈ પટેલે ગૃપનો પરિચય આપ્યો હતો. અંધશાળાના પ્રમુખ ડૉ. જયંતીભાઈ પટેલે સંસ્થાનો પરિચય અને બાળકો વિશે માહિતી આપી હતી. અતિથિ અને સમાજસેવક ડૉ. પ્રવીણભાઈ બોઘાણી અને સંસ્થાના ખજાનચી રમણભાઈ પંચાલ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

એ પછી બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ગૃપ તરફથી બાળકોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ગૃપના તમામ સભ્યોએ બાળકોને ગિફ્ટ આપીને ખુશ કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગૃપ મૅમ્બર તૃપલભાઈ ખત્રીએ જહેમત ઉઠાવી હતી. ગૃપના અમદાવાદ ઝોનના કન્વીનર પિયુષભાઈ પટેલ અને કિરીટસિંહ સોલંકીએ પણ કાર્યક્રમને સફળ બનાવવા માટે સક્રિય સહયોગ આપ્યો હતો. હેલ્પ ફ્રેન્ડ ગૃપના સભ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને ગૃપ દ્વારા બાળકોને ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન તથા આભાર દર્શન ગૃપના સહકન્વીનર કિરીટસિંહ સોલંકીએ કર્યું હતું.

### વૅકેશનના સદુપયોગ માટે

# નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા વૅકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૫

વૅકેશન દરમિયાન વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટીવી, વિડીયોગ્રાફી, ફિલ્મો, મોબાઈલ વગેરે જેવી બિનજરૂરી પ્રવૃત્તિઓમાં ન વેડફી દે તે હેતુથી તા. ૧લી મેથી ૨૬ મે સુધી સાયન્સ ટૅલેન્ટ વર્કશૉપ અને સાયન્સ ફિલ્મ શો જેવા કાર્યક્રમોનું આયોજન નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓનાં રસ અને રૂચિને ધ્યાનમાં લઈને મૉડેલ રૉકેટરી વર્કશૉપ, ફન વિથ ફિઝીક્સ, ફન વિથ કૅમિસ્ટ્રી, ડ્રૉન નિદર્શન, રૉબોટીક્સ વર્કશૉપ, બાયોટૅકનોલૉજી વર્કશૉપ, ઍરોમોડેલિંગ વર્કશૉપ, ઈલૅક્ટ્રૉનિક વર્કશૉપ, ટૅલિસ્કોપ મેકિંગ, ઓરીગામી વર્કશૉપ, ગણિત ગમ્મત વર્કશૉપ, મેચસ્ટીક મોડેલ મેકિંગ વર્કશૉપ, વૈજ્ઞાનિક રમકડાં બનાવવાં, હેલિકોપ્ટર મેકિંગ વર્કશોપ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપમાં નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ મોડેલ બનાવતાં શીખવવામાં આવશે તેમજ તેની રચના, કાર્યપદ્ધતિ વિશે પણ માહિતી આપવામાં આવશે. ઉપરાંત વિજ્ઞાનની નવી-નવી શોધો વિશે પણ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. વિદ્યાર્થીઓનાં મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોના ઉત્તરો પણ વિજ્ઞાનને આધાર રાખીને સંતોષકારક રીતે આપવામાં આવશે.

આ વર્કશૉપમાં ધોરણ-૫થી ૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વર્કશૉપ ૧થી ૧૫ મે સુધી સવારે ૮.૩૦થી ૧૧.૩૦ દરમિયાન નિસર્ગ સાયન્સ સૅન્ટર, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. વર્કશૉપ માટે મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓ લેવાના હોવાથી તા. ૩૦ એપ્રિલ સુધીમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓનાં નામ સંસ્થાને નોંધાવી દેવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. નામ નોંધાવવા માટે ફોન નં. ૨૩૨૩૫૨૧૫, મોબાઈલ નંબર ૯૪૨૬૪ ૫૧૧૦૨ (હાર્દિક મકવાણા) અથવા ૯૦૯૯૩ ૮૨૯૩૬ (શિવાંગ પટેલ) દ્વારા સંપર્ક કરવા આ અખબારી યાદીમાં વધુમાં જણાવાયું છે.

## ડાયરેક્ટ ❤ સે

એક સવાલ જોકરને,
તમે કાયમ
માસ્ક કેમ પહેરો છો ?
જોકરનો જવાબ,
બધાં પહેરે છે,
મારું દેખાય છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
સ્મર્ફર્સ (હિન્દી, ૩ડી)
૬.૧૫
ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ-૮ (હિન્દી, ૩ડી)
૧.૧૫, ૩.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ-૮ (અંગ્રેજી, ૩ડી)
૮.૦૦
સ્મર્ફર્સ (અંગ્રેજી, ૩ડી)
૧૧.૩૦

**સ્ક્રીન-૪**
નૂર
સવારે ૧૦.૦૦
માતૃ
૧.૦૦, ૪.૦૦, ૯.૪૫
બેગમ જાન
૭.૦૦

**સ્ક્રીન-૫**
નૂર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# દિલ્હી ખાતે આયોજિત 'ઈન્ડીયા-ઈઝરાયેલ' એન્જીયરીંગ પાર્ટનરશીપ સેમીનારમાં ગાંધીનગરના સંજીવ મહેતા ભાગ લેશે



ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના વિદેશ સંપર્ક વિભાગના સદસ્ય શ્રી સંજીવ મહેતા દિલ્હી ખાતે યોજાનારા 'ઈન્ડીયા-ઈઝરાયેલ' એન્જીયરીંગ પાર્ટનરશીપ સેમીનારમાં ભાગ લેવા રવાના થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી સમયમાં ઈઝરાયેલના પ્રવાસે જનાર છે તે સંદર્ભે આ સેમીનાર અત્યંત મહત્વ ધરાવે છે. ગુજરાત રાજ્ય અને ઈઝરાયેલ વચ્ચે આદાન-પ્રદાન યોજાય અને રોજગારી ક્ષેત્રે એક-મેકના સહયોગથી આગળ વધવા માટેની ચર્ચા શ્રી સંજીવ મહેતા તરફથી રજૂ થશે. ખાસ કરીને કૃષિ ક્ષેત્ર, ઉર્જા ક્ષેત્રના વિકાસના મુદ્દે સહયોગ અંગે આખરી ઓપ અપાશે. તેમની સાથે વિદેશ સંપર્ક વિભાગના શ્રી ભીમાભાઈ રાઠોડ પણ જોડાશે.

# સાહિત્ય અને પત્રકાર જીવનના વળાંકો વિશે વિષ્ણુ પંડ્યાનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતી ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે "માતૃભાષા અભિયાન" વિવિધ પ્રકલ્પો ચલાવે છે. જેમાંનો એક પ્રકલ્પ 'પરસ્પર' છે. જેમાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને અન્ય લલિત કલાઓ પ્રત્યે પ્રેમ જાગે અને તેના પ્રત્યે રૂચી કેળવાય તે હેતુથી, ખ્યાતનામ કલામર્મજ્ઞોને અને સાહિત્યકારોને આમંત્રીને તેમની સાથે સાહિત્યની ઉત્કૃષ્ટ કૃતિઓનું વાંચન-પઠન, વાચિકમ અને વાર્તાલાપનું આયોજન કરવામાં આવે છે. આ અગાઉ સાહિત્યકાર ઉષાબેન ઉપાધ્યાયએ મુકુલ કલાર્થી દ્વારા અનુદિત કૃતિ 'લોભ અને કરૂણા'નો રસાસ્વાદ કરાવ્યો હતો, આરતીબેન પટેલે 'ભાષા મારી ગુજરાતી છે' શીર્ષક અંતર્ગત ગુજરાતી ભાષાની મહત્વતાની વાત કરી હતી, જાણીતા ફોટોગ્રાફર વિવેક દેસાઈએ 'છબી કઈ રીતે જોવી' અંતર્ગત ફોટો કઈ રીતે જોવાય તે વિષે સૌને જણાવ્યુ હતું, દર મહિનાનાં ત્રીજા શુક્રવારે "પરસ્પર"નું આયોજન કરવામાં આવે છે. તા.૨૮/૦૪/૨૦૧૭નાં રોજ કનોરિયા સેન્ટર ફોર આર્ટસ ખાતે સાંજે ૫.૩૦ કલાકે, જાણીતા વરિષ્ઠ પત્રકાર શ્રી વિષ્ણુભાઈ પંડ્યા 'કિતની નાવો મેં કિતની બાર' શીર્ષક અંતર્ગત સાહિત્ય અને પત્રકાર જીવનના વળાંકો વિષે આસ્વાદ કરાવશે. સૌ સાહિત્ય અને કલારસિકોને આ પ્રસંગે પધારવા અને વ્યાખ્યાનનો લાભ લેવા આયોજક સંસ્થાઓ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કોઈને આપણા વિના જીવવાનું આપણે જ શીખવાડીએ છીએ

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani@yahoo.co.uk

એક સુશિક્ષિત સંસ્કારી કુટુંબ. એ કુટુંબમાં ત્રણ બહેનો, એક ભાઈ અને માતા-પિતા. ત્રણમાથી બે બહેનો પરણી ગઈ. ભાઈ પરણવા લાયક અને સૌથી નાની બહેન પણ પરણવા જેવડી. સૌથી નાની બહેન પણ સારું એવું ભણેલી, સરળ સ્વભાવની, સમજુ અને વ્યવહારુ. એ સ્વતંત્ર મિજાજની પણ સામાજિક, કૌટુંબિક અને આર્થિક જવાબદારી સારી રીતે નિભાવી શકે એટલી સક્ષમ પણ ખરી. એ યુવતી છેલ્લા કેટલાક સમયથી એક ફરિયાદ કરતી રહી છે કે પોતાના કુટુંબના સભ્યો તેની સતત અવગણના કે ઉપેક્ષા કરી રહ્યા છે. કૌટુંબિક અને સામાજીક નિર્ણયોમાં તેના કુટુંબીજનો તેના કોઈ જ પ્રકારના સૂચનો ધ્યાનમાં નથી લેતા અથવા તો એવા નિર્ણયો જ્યારે લેવાના હોય અને તેની ચર્ચા થતી હોય ત્યારે તેને જાણીજોઈને એ ચર્ચામાં સામેલ કરવામાં નથી આવતી. કુટુંબીજનોના આ પ્રકારના વ્યવહારથી એ તંગ આવી ગઈ છે અને તેથી પોતે જાણી જોઈને પોતાની જાતને આવી બાબતોથી અળગી રાખે છે.

એક યુવતીના લગભગ ત્રણેક વર્ષ પહેલા લગ્ન થયા. એ યુવતી પણ સુશિક્ષિત, સમજુ, વ્યવહારુ અને કુટુંબની આર્થિક તથા સામાજિક જવાબદારી સારી રીતે સાંભળી શકે એવી સક્ષમ. તેના સાસરિયાના કુટુંબમાં પોતાનો પતિ, સાસુ, સસરા, દિયર, દેરાણી અને પોતાની એક નાની ઢીંગલી જેવડી દીકરી. એ યુવતીની પણ સતત એક ફરિયાદ કે તેને કુટુંબના બધા જ સભ્યો, એક તેના પતિ સિવાય, જાણી જોઈને પોતાની ઉપેક્ષા કરે છે. પોતે ઘરની મોટી વહુ હોવા છતાં ઘરમાં તેની કોઈ ગણના કરતું નથી. પોતે નોકરી કરી કુટુંબને આર્થિક રીતે મદદ કરે છે અને સાથે સાથે ઘર-કુટુંબની જવાબદારી પણ સાંભળે છે છતાં પોતાની સતત ઉપેક્ષા કરવામાં આવે છે. એ યુવતી એવું માને છે કે પોતાના બોલની, પોતાના અભિપ્રાયોની, પોતાના સુચનોની કે પોતાની કુટુંબ પ્રત્યેની લાગણીની, કુટુંબના કોઈ સભ્યોને કિંમત નથી. એ યુવતીનો પતિ તેની ઉપેક્ષા નથી કરતો પણ કુટુંબના સભ્યો જ્યારે એ યુવતીની ઉપેક્ષા કરે છે ત્યારે એ તેની પત્નીની તરફદારી નથી કરતો કે પત્નીને થતાં અન્યાય સામે અવાજ નથી ઉઠાવતો. એ યુવતી પણ પોતાની સતત થતી ઉપેક્ષાથી વાજ આવી ગઈ છે અને ક્યારેક પોતાની નોકરી છોડી દેવાનું વિચારે છે તો ક્યારેક પોતાની જિંદગી ટૂંકાવી દેવાનું. સ્નેહીઓ, સંબંધીઓ, કુટુંબીજનો અને આપ્તજનો દ્વારા વ્યક્તિની જ્યારે સતત ઉપેક્ષા થયા કરે છે ત્યારે એ વ્યક્તિ ક્યારેક હતાશાની ઊંડી ગર્તા માં ધકેલાઈ જાય છે. પોતાની હતાશાને કરેને એ ક્યારેક ના વિચારવાનું વિચારે છે અને ક્યારેક ના કરવાનું પણ કરી બેસે છે. ઉપેક્ષિત વ્યક્તિનો એ સૌ વ્યક્તિઓમાથી રસ ઊડી જાય છે અને તે લોકોને મદદ કરવાની કે સહકાર આપવાની તેની ભાવના ખતમ થઈ જાય છે. એ લોકો ગમે એવી મુશ્કેલીમાં સપડાઈ ગયા હોય કે એ લોકો ઉપર મોટી આફત આવી ગઈ હોય તો પણ ઉપેક્ષિત વ્યક્તિ અળગી થઈ ગઈ હોય તો પછી એ અળગી અહેવાનું જ પસંદ કરશે. આમ કોઈ પણ વ્યક્તિની ઉપેક્ષા કરવાથી ઉએક્ષિત વ્યક્તિની સાથે સાથે ઉપેક્ષા કરનાર લોકોને પણ નુકશાન થાય છે અને જરૂર પડે એક સક્ષમ વ્યક્તિની સક્ષમતાનો લાભ નથી મળતો.

જે વ્યક્તિની આપણે ઉપેક્ષા કરીએ છીએ તેને જાણ્યે-અજાણ્યે આપણે બહુ મોટી સજા આપીએ છીએ. ઉપેક્ષિત વ્યક્તિની વેદના અકલ્પનીય હોય છે, અસહ્ય હોય છે. કોઈ પણ વ્યક્તિની ચામડી જ્યારે દાઝી જાય છે ત્યારે દાઝેલી ચામડી અને શરીરમાં જે ચરચરાટી થાય છે, જે વેદના થાય છે કદાચ એવી જ માનસિક વેદના ઉપેક્ષિત વ્યક્તિને પોતાની ઉપેક્ષા થવાને કારણે થાય છે.

ઉપેક્ષિત વ્યક્તિ પાસે પોતાની થતી ઉપેક્ષા સહન કરવા સિવાય કોઈ છૂટકો જ નથી હોતો, કારણ કે જે લોકો તેની ઉપેક્ષા કરે છે તેની સાથે એ જો લડવા કે ઝઘડવા જશે તો તે વધારે ઉપેક્ષાનો ભોગ બનશે. આ કારણથી જ કદાચ ઉપેક્ષિત વ્યક્તિ પોતાની ઉપેક્ષા કરતા લોકો સાથે પોતાના સંબંધો નિભાવવા કે વિકસાવવા માટે પ્રયત્નો કરતી રહે છે, એવું માનીને કે ક્યારેક તો એ લોકો સમજશે. પોતાની ઉપેક્ષા કરતા લોકો સાથે, પોતાની વેદના છુપાવીને સંબંધો રાખવા એ વધારે અસહ્ય હોય છે.

ઉપેક્ષિત વ્યક્તિએ પણ પોતાની ઉપેક્ષા શા માટે થાય છે, ક્યાં સમયે થાય છે, કઈ વ્યક્તિઓ દ્વારા થાય છે, કઈ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં થાય છે એ બાબતોનું વિશ્લેષણ કરવું જોઈએ. પોતાની ઉપેક્ષા થવાનું કારણ જો પોતાના જ વર્તન અને વ્યવહારની નબળાઈઓ હોય તો તેની સતત કાળજી રાખીને તેમાં સુધાર લાવી શકાય.

જે કોઈ વ્યક્તિ આપણને ચાહે છે, આપણને પ્રેમ કરે છે, આપની કાળજી રાખે છે, એ વ્યક્તિની ઉપેક્ષા કરવાથી ઘણીવાર આપણને પણ સહન કરવાનું આવે છે. પૂનમની રાત્રીએ આકાશના તારાઓની ગણતરી કરવામાં ચંદ્રની રોશનીને માણવાનું ચૂકી જઈએ અને જેવી લાગણી થાય એવી જ લાગણી કદાચ આપણી સાથે લોહીના કે લાગણીના સંબંધો હોય એવી વ્યક્તિની ઉપેક્ષા કરવાથી થઈ શકે છે. કોઈ પણ વ્યક્તિની અવગણના કે ઉપેક્ષા એ સંબંધો માટે મોડા-વહેલા ઘાતક બને છે જે બંને પક્ષને હાનિ પહોંચાડે છે. આપણાં સંબંધોને આપણે જ એ ઘાતમાથી ઉગારી શકીએ.

સંબંધીત કોઈ પણ વ્યક્તિ સાથે આપણને કોઈ જ પ્રકારના મતભેદ હોય, કોઈ સમસ્યા હોય, તે વ્યક્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યક્તિગત વાંધો હોય, તો સામસામે બેસીને તેનો નિકાલ લાવી શકાય. એ વ્યક્તિની ઉપેક્ષા કરીને સમસ્યાનો નિવેડો ક્યારેય લાવી શકતો નથી, ઊલટાનું ક્યારેક સમસ્યા વધારે વણસી શકે છે.

આપણે કોઈ જ વ્યકિતની ઉપેક્ષા કરીને તેના મનને શાંતિ અર્પી શકતા નથી, સાથે સાથે આપણાં મનની શાંતિને પણ ખોઈ બેસીએ છીએ. જે વ્યક્તિની આપણે ઉપેક્ષા કરીએ છીએ તે વ્યક્તિના નામનું રટણ આપણાં મનના છાના ખૂણે સતત રટાતું જ રહે છે, તેને કારણે આપણું મન પણ અશાંત રહે છે.

જે વ્યક્તિ ની આપણે ઉપેક્ષા કરીએ છીએ, જેનો આપણે અનાદર કરીએ છીએ, જે વ્યક્તિને આપણે આપણાથી સતત દૂર રાખવા માંગીએ છીએ, જે વ્યક્તિને આપણે ટાળીએ છીએ, જે વ્યક્તિના વચનો આપણને હંમેશા અણગમતા લાગે છે, જે વ્યક્તિના બોલની આપણને કોઈ કિંમત નથી, જે વ્યક્તિના સલાહ-સૂચનો આપણને હાસ્યાસ્પદ લાગે છે, એ વ્યક્તિ પોતે સહન કરીને આપણી સાથે કાયમી સંબંધો નિભાવશે એવું માનવું ભૂલભરેલું છે કે આતશયોક્તિ ભર્યું છે. ઉપેક્ષિત વ્યક્તિને જે સમયે એવું લાગશે કે ઉપેક્ષાની, અનાદરની આપણે હદ વટાવી રહ્યા છીએ ત્યારે પોતે આપણાથી દૂર જતી રહેશે. એકવાર એ વ્યક્તિ આપણાથી દૂર જતાં રહેવાનો નિર્ણય લેશે પછી આપણી ઈચ્છા હશે તો પણ, આપણે લાખ પ્રયતની કરશું તો પણ એ વ્યક્તિ આપણી નજદીક નહીં આવે. આમ થવાનું એક કારણ એ કે, એ વ્યક્તિની સતત ઉપેક્ષા કરીએ ને આપણે જ તેને આપણાં વિના જીવવાનું શીખવાડી દીધું હોય છે. આપણાં હાથના કર્યા આપણને જ હૈયે વાગે છે.

આપણે મનોમંથન કરીએ. આપણે કોઈથી ઉપેક્ષિત હોઈએ તો આપણાં વર્તન અને વ્યવહારમાં સુધાર લાવીએ., આપણે કોઈની ઉપેક્ષા કરતાં હોઈએ તો પણ આપણી જાતને સુધારી લઈએ અને આપણાં સંબંધોને મોટી ઘાતમાથી બચાવીએ.

